# 4

# હૂંડીઓ

## વિભાગ A

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** હૂંડી મુખ્યત્વે કેટલી રીતે ઓળખાય છે ? [ ]

(a) બે (b) ત્રણ (c) ચાર (d) છ

**2.** હૂંડીમાં કોની સહી હોવી જોઈએ ? [ ]

(a) સાક્ષીની (b) હૂંડી સ્વીકારનારની (c) બૅન્ક અધિકારીની (d) શરાફ

**3.** હૂંડી લખનાર સામાન્ય રીતે કોણ હોય છે ? [ ]

(a) વેપારી (b) ગ્રાહક (c) દેવાદાર (d) બૅન્કર

**4.** હૂંડીમાં હુકમ .......... હોવો જોઈએ. [ ]

(a) શરતી (b) બિનશરતી (c) વિનંતીના સ્વરૂપમાં (d) મૌખિક સ્વરૂપમાં

**5.** હૂંડીને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ? [ ]

(a) વિનિમય પત્ર (b) ખતપત્ર (c) વચનપત્ર (d) ચેક

**6.** લેણીહૂંડીએ .......... મિલકત છે. [ ]

(a) હૂંડી સ્વીકારનારની (b) હૂંડી લખનારની (c) બૅન્કની (d) સરકારની

**7.** દેવીહૂંડીએ .......... જવાબદારી છે. [ ]

(a) હૂંડી લખનારની (b) બૅન્કની (c) હૂંડી સ્વીકારનારની (d) સરકારની

**8.** જૂની હૂંડીને બદલે નવી હૂંડી નવી મુદત સાથેની આપવામાં આવે ત્યારે તેને .......... કહેવામાં આવે છે ? [ ]

(a) દર્શની હૂંડી (b) સગવડી હૂંડી (c) વચનચીઠ્ઠી (d) હૂંડીનું નવીનીકરણ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

**1.** લેણીહૂંડી એટલે શું ?

**2.** દેવીહૂંડી એટલે શું ?

3. હૂંડી નકરામણી એટલે શું ?

4. હૂંડીનું નવીનીકરણ એટલે શું ?

5. સામાન્ય રીતે હૂંડી કોણ લખે અને કોણ સ્વીકારે છે ?

6. હૂંડીમાં શું ચૂકવવાનો હુકમ આપવામાં આવે છે ?

7. હૂંડીના વ્યવહારમાં નાણાં ચૂકવવાની સગવડ માટે કેટલા દિવસની છૂટ આપવામાં આવે છે ?

8. નોંધણી ખર્ચ એટલે શું ?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો :**

1. બબલુએ ₹ 2,52,000નો માલ બંટી પાસેથી તા. 20-7-2018ના રોજ ખરીદ્યો. બંટીએ ₹ 2,52,000ની 4 માસની મુદતની હૂંડી બબલુ પર લખી અને બબલુએ આ હૂંડીનો સ્વીકાર કરી બંટીને પરત કરી.
આ વ્યવહારની નોંધ બબલુના ચોપડે તેમજ બંટીના ચોપડે લખો.

**2.** આકાશે તા. 1-6-2018ના રોજ ગગનને ₹ 3,20,000નો માલ વેચ્યો. તા. 4-6-2018ના રોજ આકાશે ગગન પર ₹ 3,20,000ની 40 દિવસની મુદતની હૂંડી લખી, જે ગગને સ્વીકારીને પરત કરી. પાકતી તારીખે ગગને હૂંડીની પૂરી રકમ ચૂકવી દીધી. આકાશના અને ગગનના એમ બંનેના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**3.** સુરેશે તા. 1-5-2018ના રોજ રમેશને ₹ 3,68,000નો માલ વેચ્યો. તા. 4-5-2018ના રોજ રમેશે ₹ 68,000 સુરેશને ચેકથી ચૂકવી દીધા. સુરેશે તા. 4-5-2018ના રોજ બે મહિનાની મુદતની ₹ 3,00,000ની એક હૂંડી લખી, જે રમેશે સ્વીકારીને પરત કરી. પાકતી તારીખે રમેશે હૂંડીની પૂરી રકમ ચૂકવી દીધી. બંને પક્ષકારોના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**4.** નકુલે ₹ 4,20,000નો માલ બકુલને તા. 2-1-2018ના રોજ ઉધાર વેચ્યો. નકુલે જરૂરી રકમની 3 માસની મુદતની હૂંડી તા. 5-1-2018ના રોજ લખી, જે બકુલે સ્વીકારીને તરત જ પરત કરી. તા. 8-2-2018ના રોજ નકુલે આ હૂંડી બૅન્કમાં વાર્ષિક 8 ટકાના વટાવે વટાવી. પાકતી તારીખે બકુલે હૂંડીનાં નાણાં ચૂકવી આપ્યાં. બંને પક્ષકારોના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**5.** કુલદીપે ₹ 2,20,000નો માલ રાહુલને તા. 1-3-2018ના રોજ શાખ પર વેચ્યો. તે જ દિવસે 3 માસની મુદતની હૂંડી કુલદીપે રાહુલ પર લખી, જેનો રાહુલે સ્વીકાર કર્યો. કુલદીપે આ હૂંડી તા. 7-3-2018ના રોજ તેના લેણદાર રવીન્દ્રને વેચાણશેરો કરી આપી. પાકતી તારીખે હૂંડીની રકમ રાહુલે ચૂકવી દીધી. કુલદીપ અને રાહુલના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

6. શકિલે ₹ 85,750ની 2 માસની મુદતની હૂંડી તા. 2-12-2017ના રોજ એહમદ પર લખી. એહમદે આ હૂંડી સ્વીકારી પરત કરી. તા. 28મી જાન્યુઆરી, 2018ના રોજ શકિલે આ હૂંડી બૅન્કમાં વસૂલાત માટે મોકલી આપી. પાકતી તારીખે એહમદે આ હૂંડીનાં નાણાં ચૂકવી દીધાં. બૅન્કે કમિશન પેટે ₹ 850 શકિલ ખાતે ઉધાર્યા છે. બંને પક્ષકારોના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

7. તા. 1-4-2018ના રોજ અદલભાઈએ ₹ 2,24,000ની 3 માસની હૂંડી બદલભાઈ પર લખી, જેનો બદલભાઈએ સ્વીકાર કર્યો. પાકતી તારીખે બદલભાઈ નાણાં ચૂકવી શક્યા નહિ. અદલભાઈએ હૂંડીની નકરામણીની નોંધણી કરાવી અને નોંધણી-ખર્ચ ₹ 2240 ચૂકવ્યો. બંને પક્ષકારોના ચોપડે આમનોંધ લખો.

**8.** ચૌધરીએ તા. 6-4-2018ના રોજ વસાવા પાસેથી બાકી નીકળતી લેણી રકમ પેટે ₹ 1,35,000ની 3 માસની મુદતની હૂંડી લખી, જેનો વસાવાએ સ્વીકાર કર્યો. તા. 9-5-2018ના રોજ ચૌધરીએ આ હૂંડી બૅન્કમાં વાર્ષિક 10 ટકાના દરે વટાવી. પાક્યા તારીખે વસાવાએ નાણાં ના ચૂકવતા હૂંડી નકરાઈ અને બૅન્કે નકરામણીના ખર્ચના ₹ 400 સહિતની રકમ ચૌધરી ખાતે ઉધારી. ચૌધરી અને વસાવાના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**9.** તા. 2-4-2018ના રોજ અમરે ₹ 2,80,000ની ત્રણ માસની મુદતની હૂંડી અકબર પર લખી. અકબરે આ હૂંડીનો સ્વીકાર કર્યો. તા. 10-4-2018ના રોજ અમરે આ હૂંડી એન્થનીને વેચાણશેરો કરી આપી. પાકતી તારીખે અકબરે હૂંડીનાં નાણાં ચૂકવ્યા નહિ. એન્થનીએ નકરામણી-ખર્ચ પેટે ₹ 2100 ચૂકવ્યા. એન્થનીએ હૂંડીની રકમ સાથે નકરામણી-ખર્ચની રકમ અમરના ખાતે ઉધારી.

અમરના ચોપડામાં અથવા અકબરના ચોપડામાં અથવા એન્થનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**10.** તા. 10-6-2018ના રોજ મનને ₹ 3,35,000ની ચાર માસની હૂંડી ચમન પર લખી, જેને ચમને સ્વીકારી પરત કરી. તા. 22-7-2018ના રોજ ચમન નાદાર જાહેર થયો અને તા. 2-8-2018ના રોજ તેના રીસિવરે 70 પૈસા લેખે ડિવિડન્ડ ચૂકવ્યું. મનનના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**11.** તા. 4-4-2018ના રોજ નીતિને ₹ 80,000ની ત્રણ માસની મુદતની હૂંડી પરેશ પર લખી હતી, જે પરેશે સ્વીકારી પરત કરી હતી. નાણાકીય જોગવાઈના અભાવે પરેશે હૂંડીની પાકતી તારીખ પહેલાં તા. 25-6-2018ના રોજ જૂની હૂંડી પેટે ₹ 20,000 ચૂકવી દીધા અને બાકીની રકમ અંગે વ્યાજના ₹ 3000 સાથે નવી હૂંડી લખવા તેમજ જૂની હૂંડી રદ કરવા અંગે વિનંતી કરી, જે નીતિને માન્ય રાખી.

બંને પક્ષકારોના ચોપડે આમનોંધ લખો.

**12.** સંજયભાઈએ લખેલી અને રિટાબહેને સ્વીકારેલી ₹ 1,25,000ની હૂંડી વેચાણશેરો કરી સંજયભાઈએ હરનિશને આપી હતી, જે તા. 31-7-2018ના રોજ પાકતી તારીખે નકરાઈ અને નોંધણી-ખર્ચ ₹ 1250 હરનિશે ચૂકવ્યો. હરનિશના અને સંજયભાઈના ચોપડે આમનોંધ લખો.

◆